**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૧/૨/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૧૮૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૫,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુન કરી લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૭૩/૧૫**

**દાણીલીમડાઃ** હરેન્દ્રસિહ અર્જુનસિહ રાવત (ઉ.વ.૨૬) (રહે. ૨ સેક્ટર-૧૯ રંજનદેવી મંદિર સામે સાઈરામ બિલ્ડીંગ કોપર ખૈરની નવી મુંબઈ) એ દાણીલીમડા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૫/૧૫ રાતના ૧/૩૦ વાગ્યાના સુમારે મિત્ર અનુપસિંહ વિરેનેદ્રસિંહ રાવત નાઓ સાથે ગીતા મંદિરથી કાલુપુર રેલ્વે સ્ટેશન જવા ઓટોરીક્ષા નંબર જીજે. ૧. ૪૫૭૬ અથવા ૪૫૬૭ માં બેઠેલ અને આગળ જતા બીજા બે અજાણ્યા ઇસમો આ રીક્ષામાં બેસતા રીક્ષાના ચાલકે પેટ્રોલપંપ રિક્ષા ઉભી રાખી ગેસ ભરાવી રીક્ષા ગ્યાસપુર પાટીયાથી સુએઝ ફાર્મ રોડ ઉપર સોમનાથ મહાદેવ મંદિર ત્રણ રસ્તા પાસે લઈ જઈ આશરે કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે રિક્ષા ચાલક અને રિક્ષામાં બેઠેલ બે અજાણ્યા પુરૂષોએ ભેગા મળી હરેન્દ્રસિહ અને અનુપસિહ પાસે જે હોય તે આપી દેવા માટે જણાવતા અનુપસિહે આનાકાની કરતા રીક્ષા ચાલકે અનુપસિહને પકડી રાખતા બન્ને જણાએ છરી જેવા તિક્ષ્ણ હથિયારથી છાતીના ભાગે તથા જાંઘના પાછળના ભાગે ઘા મારવા લાગતા હરેન્દ્રસિહ ભાગીને બાજુમાં ઝાડીમાં સંતાઇ ગયેલ જે દરામ્યાન ઉપરોકત ત્રણેય ઇસમોએ અનુપસિહ અને હરેન્દ્રસિહના બે થેલા અને બે મોબાઇલ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા.૧૦,૦૦૦/- મળી રૂપિયા ૨૦,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. થોડી વાર પછી હરેન્દ્રસિહ મિત્ર અનુપસિહ પાસે આવતા અનુપસિહનુ ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૪/૧૫</u>**

**વસ્ત્રાપુરઃ** અશોકકુમાર અમ્રુતભાઈ પટેલ (રહે. જીવનધારા સોસાયટી મહાવીરનગર હીમતનગર સાબરકાઠા) એ તા૨૦/૨/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગસ્ટ/૨૦૧૪ થી તા.૨૦/૨/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) કલ્પેશભાઈ વજુભાઈ લખતરીયા (૨) તેજલબહેન કલ્પેશભાઈ લખતરીયા (બન્ને રહે. મેપલકાઉંટી ન-૧ ઓરેંજ એવન્યુ ઓરનેટપાર્કની બાજુમા થલતેજ અમદાવાદ) એ થલતેજ ગુરુદ્વારા સામે પટેલ એવન્યુ સ્પેક્ટ્રમ ટેકનો લાઇટ શો રુમ ખાતે પોતાની ક્લાસીક ઈંપેક્ષ નામની તેઓના રહેણાંકના સરનામાની ભાગીદારી પેઢીના નામે અશોકકુમારની પેઢીમાથી ફ્લોર ટાઈલ્સ ફૂલ-૯૨૦૦-બોક્સ કીમત રૂપિયા ૬૨,૮૦,૬૦૦/- મંગાવી એડવાન્સ પેટે રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- નો ચેક આપી બાકીના રૂપિયા ૫૨,૮૦,૬૦૦/- ઉઘરાણી કરતા નાણા નહીં આપી તેમજ સાહેદોને પણ નાણા નહીં આપી વિશ્વાસઘાત છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ કે રાણા ચલાવે છે.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૫/૧૫</u>**

**સરખેજઃ** જહીરુદીન મયુદ્દીન શેખ (રહે,અજમેરી ખડકી પાનાચંદની ચાલીબિલ્ડરવાડ શાહપુર) એ તા.૨૦/૨/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૨/૧૫ કલાક ૬/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના પુત્ર મહમદ સોએલ (ઉ.વ.૧૭) નું અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી એન સોલંકી ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૬/૧૫</u>**

**વટવાઃ** હેમંતભાઈ મોહનભાઈ કીરી (રહે.ઉમંગ ફ્લેટ લાંભા સનરાઈઝ હોટલ પાછળ અસલાલી રોડ) એ તા.૨૦/૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૧૪ કલાક ૯/૦૦ થી તા.૧૫/૧૨/૧૫ રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરાવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી એલઈડી,ડીવીડી પ્લેયર,ગેસના બાટલા મળી કિમત રૂપિયા ૭૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેંચી લઇ ગયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૭/૧૫</u>**

**નરોડાઃ** મનિષાબહેન જયેશભાઈ પંચાલ (રહે.રાધે બંગલોઝ રાજચંદ્રની બાજુમાં હરિદર્શન ચાર રસ્તા નરોડા) તા.૨૦/૨/૧૫ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે હરિદર્શન ચાર રસ્તા થી સંધિમાતાના મંદિર તરફ સંદિપ મહર્ષિ સ્કૂલ નજીકથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મનિષાબહેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મનિષાબહેન પંચાલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી પી પીરોજીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.